Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# દાંતા તાલુકાના લોકજીવનમાં ગ્રામ ગ્રંથાલયોની ભૂમિકા

**આરીફ ખાન બી. પઠાણ**

રિસર્ચ સ્કોલર, ગુજરાતી યુનિવર્સિટી, અમદાવાદ

**ડૉ. રાકેશ ડી.પરમાર**

HOD, ઇન્ફોર્મેશનસેન્ટર, ગુજરાતી યુનિવર્સિટી, અમદાવાદ

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

**સારાંશ:**

દાંતાનો પૂર્વ ઇતિહાસ તપાસતાં પહેલાં દરેકના મનમાં તેમના નામકરણ વિશે જાણવાની સહજ ઇચ્છા થાય, તે સ્વાભાવિક છે. દાંતાથી પશ્ચિમે જતાં આશરે બે માઇલ દૂર નવાવાસને રસ્તે દાંતોરીયા વીરનું પવિત્ર સ્થાન છે. આ વીરના નામ પરથી આ ગામનું નામ દાંતા પડયુ છે, એવુ મનાય છે. ઇ.સ.1544માં ગામ રાજધાની બનતાં આ રાજય પણ દાંતા રાજય તરીકે ઓળખાવા લાગ્યું. આ દાંતા તાલુકામાં 182 જેટલા ગામો આવેલા છે. જેમાંથી સંબંધિત સંશોધન માટે ગામ ‘કુંડેલ’ અને ‘પૂંજપૂર’ મુખ્ય બે ગામો જ લેવામાં આવેલ છે. આ ગામોની લોકસંસ્કૃતિ ગુજરાતની પ્રાચીનતા અને ગુજરાતની સંસ્કૃતિને જાળવી રાખ્યું છે. પ્રસ્તુત દાંતા વિસ્તારમાં આવેલ ગામોમાં તેના લોકજીવનમાં ગ્રામ ગ્રંથાલયોની ભુમિકાને તપાસવા સર્વેક્ષણ પદ્ધતિને ખાસ કરીને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં આ પદ્ધતિ વ્યાપકપણે સંશોધનના વિવિધ હેતુઓની પુર્તિ માટે ઉપયોગ કરી પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** દાંતા, ગ્રામ ગ્રંથાલય, ગ્રામ ગ્રંથાલયોની ભૂમિકા

## 1. પ્રસ્તાવના

સાર્વજનિક પુસ્તકાલયએ પ્રાચીન સમયથી ચાલી આવતી સંસ્થા છે. ડૉ. એસ. આર. રંગનાથનના પ્રયત્નો સાર્વજનિક પુસ્તકાલય માટેનાં હતા. પુસ્તકાલય ધારાઓ પણ સાર્વજનિક પુસ્તકાલય સાથે જ સંકળાયેલા છે. ગુજરાત રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયના પેટા પ્રકારોમાં જોઇએ તો, સંપૂર્ણ સરકાર હસ્તગત ચાલતા સરકારી સાર્વજનિક પુસ્તકાલયો અને બીજા પ્રકારમાં સરકાર પાસેથી અનુદાન મેળવીને ચાલતા અનુદાનિત સાર્વજનિક પુસ્તકાલયો અને તે સિવાય કોઇ વ્યક્તિ કે સંસ્થા હસ્તગત ચાલતા સાર્વજનિક પુસ્તકાલયોજોવા મળે છે. તેમાં સરકાર પાસેથી અનુદાન મેળવીને ચાલતા અનુદાનિત સાર્વજનિક પુસ્તકાલયોની વાત કરીએ તો તેઓના નિભાવ માટે સરકાર અનુદાન પુરૂ પાડે છે. જે ગ્રામ્ય કક્ષાએ કાર્યરત હોય છે, જે તે ગામના વાચક વર્ગને સેવાઓ પૂરી પાડવા માટે સ્થાપિત કરવામાં આવેલા છે.

## 2. પૂર્વ પ્રકાશિત સાહિત્યની સમીક્ષા.

- પ્રજાપતિ, મણીભાઇ (2012). ગ્રંથાલયે શાસ્ત્રે શિવદર્શનમ:શીવદાનનભાઈ ચારણ અભિવાદન સમિતિ: બાકરોલ (ગુજરાત).

આ ગ્રંથમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિવિધ વિષયો ઉપર ઘણા લેખકોના લેખોનો સંગ્રહ છે. જેના વિષયોમાં ગ્રંથાલય સંચાલન, નેટવર્કીંગ, સાર્વજનિક ગ્રંથાલય ધારાઓ અને ગ્રંથાલયિત્વ વગેરે વિષયો ઉપર ચર્ચા કરેલ છે અને તેને વધુ સુલભ બનાવવા સૂચનો રજુ કરેલ છે. જેના લગભગ વિષયો સાર્વજનિક ગ્રંથાલયો ઉપર છે, જેમ કે 'પુસ્તકનું આંતરરાષ્ટ્રીય વર્ષ', 'યુનેસ્કોનો જાહેર ગ્રંથાલય ઢંઢેરો', 'સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ' વગેરે. આ બધી ચર્ચામાં ડૉ.એસ.આર.રંગનાથનનાં પ્રયત્નો, યુનેસ્કોએ જાહેર કરેલ સાર્વજનિક ગ્રંથાલયની વ્યાખ્યામાં ગ્રંથાલય શાસ્ત્રના બીજા સુત્ર પ્રમાણે વાચકને કેન્દ્ર ઉપર રાખીને વિવિધ બાબતો રજુ કરવામાં આવી છે.

- Khurshid, Anis (1988) City public library system for Karachi metro polis. Karachi, Pakistan.

અહિયાં પાકિસ્તાનના કરાંચી શહેરમાં ચાલેલી ગ્રંથાલય ચળવળનો ઇતિહાસ અને કરાંચી ગ્રંથાલય નિગમ કે જે શહેરમાં ગ્રંથાલય પધ્ધતિ વિકસાવવા માટે બન્યુ તેના પર વધુ મહત્ત્વ આપ્યુ છે. શિક્ષણ નીતિ (1972-80)નાં મુખ્ય લક્ષણોમાં સાર્વજનિક ગ્રંથાલયો ઉપર પડેલી અસર વર્ણવવામાં આવી છે. તેમણે કરેલા સર્વેક્ષણમાં કરાંચીનાં મુખ્ય સાત સાર્વજનિક ગ્રંથાલયોનો સમાવેશ કરેલ છે. સાર્વજનિક પુસ્તકાલયોની સેવાઓ, માહિતી સ્ત્રોતો, ભૌતિક સુવિધાઓની ઘણી જ દયનીય સ્થિતિ અને સાર્વજનિક ગ્રંથાલયોનો ઘટતો જતો ઉપયોગ વગેરે બાબતો જાહેર કરી છે.

- Khan, H A. (2006) "Need for Library Legislation", Timeless Fellowship.

અહીયા સાર્વજનિક ગ્રંથાલયો માટે કાયદાકીય ધારાઓની જરૂરીયાત ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ગ્રંથાલયના ધારાઓમાં ઘણા સુધારા-વધારાની જોગવાઇઓ કરવાની તેમણે હિમાયત કરી છે. લેખકના મતે અત્યાર સુધી રજૂ થયેલ ગ્રંથાલય ધારાઓને પુન:સંશોધન કરી વધુ પ્રભાવકારક બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. વર્તમાન સમયને

ધ્યાને રાખી સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ થાય અને વધુ સેવાઓ લોક સમુહ માધ્યમ સુધી પહોચે તેવા પ્રયત્નો થવા જોઇએ.

## 2.1 પુસ્તકો

- મુલ્ય વર્ધિત સેવાઓની દિશામાં ગ્રંથાલયો, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, 2014

આમ, સંદર્ભ સાહિત્યની સમીક્ષાના સ્ત્રોત એ સંબંધિત સાહિત્યના આધારે પુરૂ પાડવામાં આવેલ છે, જે સંશોધન પેપર સાથે સંકળાયેલ છે અને જે ફક્ત પૂર્વે થયેલા અભ્યાસો નથી પરંતુ સદર લેખના વિષયને આધીન રહી વર્ણન કરાયા છે. સાહિત્યનો સ્ત્રોત વિવિધ પ્રકાશનોના (સામાયિકો, પુસ્તકો, લઘુશોધ નિબંધ, મહાશોધ નિબંધ, અહેવાલો, ઇન્ટરનેટ,વગેરે.) ગ્રંથાલયો અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રનો સંગ્રહ કરીને કરાયો છે. સંદર્ભ સાહિત્યનુ અવલોકન કર્યા બાદ સદર સંશોધનપેપરના અભ્યાસને સાચી દિશા, ચોક્કસ મુદ્દાઓ, ક્ષેત્ર, અભ્યાસની નીતી, વિવિધ પ્રશ્નો વગેરે પ્રત્યે નવો ખ્યાલ અનુભવાયો છે.

## 3. સંશોધનના હેતુઓ

1. સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયના વ્યવસ્થાપનનો અભ્યાસ કરવો.
2. સાર્વજનિક ગ્રામ ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની માહિતી મેળવવી.
3. સમાજના વિકાસમાં સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયનું મહત્ત્વ જાણવું.
4. સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયમાં કમ્પ્યુટરાઈઝેશન અંગેનો અભ્યાસ કરવો.
5. સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયના ગ્રંથસંગ્રહ વિકાસનો અભ્યાસ કરવો.

## 4. ક્ષેત્ર અને મર્યાદાઓ.

- સંબંધિત સંશોધન માટે દાંતા તાલુકાના મુખ્ય બે ગામ ‘કુંડેલ’ અને ‘પૂંજપૂર’ જ લેવામાં આવેલ છે.
- સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયના કર્મચારીગણ દ્વારા જે માહિતી મળેલ છે, તેના જ આધારે તારણો રજુ થયેલા

છે.અન્ય શબ્દોમાં કે જે માહિતી પૂરી પાડનારા જવાબદાર સત્તાધિકારી દ્વારા કેટલી માહિતી મળે છે તે એક મોટી મર્યાદા છે.

- સદર અભ્યાસનો મુખ્ય આધાર પુસ્તકાલયમાં ચાલતા ગ્રંથાલય સંચાલન, ગ્રંથસંગ્રહ વિકાસ અને તે માટેની નીતિ અને તેમની સેવાઓ અને પ્રવૃતિઓનો જ અભ્યાસ કરવામાં આવેલ છે.

## 5. સંશોધન પધ્ધતિ

સર્વેક્ષણ પદ્ધતિ એક સર્વ સામાન્ય પધ્ધતિ છે જે ખાસ કરીને સામાજીક વિજ્ઞાનના વિષયોમાં ઉપયોગ થાય છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં આ પદ્ધતિ વ્યાપકપણે સંશોધનના વિવિધ હેતુઓની પુર્તિ માટે ઉપયોગ કરવામાં આવે છે.

સદર સંશોધનમાં સાર્વજનિક ગ્રામ ગ્રંથાલયનું પ્રતિનિધિત્વ ગ્રંથપાલ કરતાં હોય છે. જેથી સદર અભ્યાસમાં આવશ્યક માહિતી સંસ્થાના વડા તરીકે ફરજ બજાવતાં કર્મચારી પાસેથી પ્રશ્નાવલી પધ્ધતિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે.


## 6. સંશોધનના તારણો

| વિગત | કુંડેલ | પૂંજપૂર |
|---|---|---|
| સ્થાપના વર્ષ | 1969 | 1971 |
| ક્ષેત્રફળ | 400 ચો.ફૂટ | 400 ચો.ફૂટ |
| એ.સીની સુવિધા | ના | ના |
| શૌચાલયની સુવિધા | √ | √ |
| આગ પ્રતિરોધક સાધન | √ | √ |

| | | |
|---|---|---|
| શાંત વિસ્તારમાં આવેલ છે તેમજ વાચકો માટે કેંદ્ર સ્થાને | √ | √ |
| ગ્રંથાલય ભવન વિશાળ છે ? | ના | ના |
| વાચકો માટે આર.ઓ. કે ઠંડા પાણીની વ્યવસ્થા | √ | √ |
| મુખ્ય કર્મચારી | શિક્ષક વધારાનો હવાલો સંભાળે છે. | શિક્ષક વધારાનો હવાલો સંભાળે છે. |
| કમ્પ્યુટરાઇઝ્ડ છે. | ના | ના |
| સમય | શાળા સમય દરમ્યાન | શાળા સમય દરમ્યાન |

ઉક્ત ટેબલ મુજબ બન્ને પુસ્તકાલયો ઘણા સમયથી ચાલી રહ્યા છે. પરંતુ જગ્યા તેમજપ્રોફેશનલ કર્મચારીનો અભાવ જણાઇ રહ્યો છે. ઉક્ત પુસ્તકાલયો કમ્પ્યુટરાઇઝ્ડ નથી અને કામગીરીમાં મદદરૂપ થવા સારૂ અન્ય કોઇ મહેકમ ફાળવાયેલ નથી.

✓ **સરકારી અનુદાન** :-



Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સદર પુસ્તકાલયોને સરકાર તરફથી દર વર્ષે 15000 અંકે રૂ.પંદર હજાર નિભાવ પેટે અનુદાન મળે છે. જેમાંથી મુખ્ય 50% ખર્ચ વાંચન સામગ્રીમાં કરવામાં આવે છે. તે સિવાય 7200 પગાર પેટે ચુકવવામાં આવે છે.

- ✓ **ભેટ પુસ્તકોની વિગત:-**




અત્રે પુંજપૂરના ગ્રામ ગ્રંથાલયને ભેટમાં કોઇ પુસ્તક મળેલ નથી. જ્યારે કુંડેલના પુસ્તકાલયને સને 2019-20માં 104 પુસ્તકો, સને 2020-21માં 98 પુસ્તકો અને સને 2021-22માં  92 પુસ્તકો મળેલા


- ✓ સદર પુસ્તકાલયોમાં કમ્પ્યુટરાઇઝેશન ન હોવાના કારણે પ્રિંટર કે અન્ય કોઇ તેવા ઉપકરણો નથી.


**સેવાઓ અને પ્રવૃતિઓ**

સદર પુસ્તકાલયોમાં મુખ્ય પુસ્તક આપ-લે સેવા આપવામાં આવે છે, તે સિવાય સંદર્ભ પુસ્તક વાંચનની પણ સુવિધા પૂરી પાડવામાં આવે છે.

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

❖ **પુસ્તકાલયના સભ્યો:-**





ઉક્ત ચાર્ટ મુજબ કુંડેલમાં બાળ સભ્યો વધુ છે. જ્યારે પુંજપૂરમાં મહિલા સભ્યો વધુ જોવા મળે છે.


- ✓ સદર પુસ્તકાલયોને સરકાર તરફથી દર વર્ષે ૧૫૦૦૦ અંકે રૂ.પંદર હજાર નિભાવ પેટે અનુદાન મળે છે.
- ✓ જેમાંથી મુખ્ય 50% ખર્ચ વાંચન સામગ્રીમાં કરવામાં આવે છે. તે સિવાય ૭૨૦૦ પગાર પેટે ચુકવવામાં આવે છે.
- ✓ બન્ને પુસ્તકાલયોમાં સરેરાશ દિવસના 5 પુસ્તકો ઇશ્યુ થાય છે. તેમજ વર્તમાનપત્રો અને સામયિકો વાંચવા માટે પ્રતિદિન 10 જેટલા વાચકો આવે છે.
- ✓ સદર પુસ્તકાલયોમાં પુસ્તક આપ-લે માટે રજિસ્ટર નિભવવામાં આવે છે. તેમજ ગોઠવણીક્રમ પ્રમાણે કરવામાં આવે છે.
- ✓ સદર પુસ્તકાલયોમાં એક પુસ્તક 14 દિવસ માટે ઘરે આપવામાં આવે છે.
- ✓ સદર પુસ્તકાલયોમાં પુસ્તક મેળવણૂં કરવામાં આવતું નથી.
- ✓ સદર પુસ્તકાલયોમાં વાંચન માટે ટેબલ-ખુરશીની વ્યવસ્થા બરાબર નથી.
- ✓ સદર પુસ્તકાલયોમાં મુક્ત પ્રવેશ દ્વાર પધ્ધતિ છે.
- ✓ સદર પુસ્તકાલયોમાં નવા આવતા પુસ્તકો નોટીસ બોર્ડ પર મુકવામાં આવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- ✓ સદર પુસ્તકાલયોમાં વાર્ષિક પરિભ્રમણ પુંજપૂરમાં ૯૨ અને કુંડેલમાં ૧૭૫ જેટલુ છે.
- ✓ સદર પુસ્તકાલયોમાં ગ્રંથાલયમાં નવા સભ્ય બનનારાને ઉપભોકતા શિક્ષણ આપવામાં આવે છે.

### ❖ વધુ વંચાતુ સાહિત્ય:-









### ❖ પુસ્તક

### ❖ પુસ્તકાલયનો ગ્રંથ સંગ્રહ વિકાસ:-


### ✓ સામયિકોની વિગત





બન્ને પુસ્તકાલયોમાં ૧-૧ સામયિક મંગાવવામાં આવે છે, જે ગુજરાતી ભાષામાં છે.

✓ **દૈનિકપત્રોનીની વિગત**




બન્ને પુસ્તકાલયોમાં ૧-૧ દૈનિકપત્રો મંગાવવામાં આવે છે, જે ગુજરાતી ભાષામાં છે.

√ ગ્રંથપાલના મતે પુસ્તક સંગ્રહથી પુંજપુર/કુંડેલ માં અનુક્રમે ૮૦% તેમજ ૯૦% વાચકો સંતુષ્ટ હશે, તેવુ અનુમાન કરેલ છે.

## સંદર્ભો:-


- Reddy, Shankar. (2014) Use of Information Resources and Services of District Central Libraries and their Branches in Karnataka State, Unpublished Thesis. Gulbarga: Department of Library and information Science, Gulbarga University Retrieved from http://shodhganga.inflibnet.ac.in/-handle/10603/33648
- પ્રજાપતિ, મણીભાઈ (૨૦૧૨). ગ્રંથાલયે શાસ્ત્રે શિવદર્શનમ.માં વેગડ, પ્રકાશ. યુનેસ્કો જાહેર ગ્રંથાલય ઢંઢેરો (પૃ.૪૬૮- ૪૭૦). બાકરોલ(ગુજરાત): શીવદાનભાઈ ચારણ અભિવાદન સમિતિ.
- Khurshid, Anis. (1998). City public library system for Karachi metropolis LibraryHerald (36.3) p.135-151.
- Khan, H A., (2006) “Need for Library Legislation”, Timeless Fellowship 5&6:p.155-167.Retrieved from https://archive.org/stream/in.ernet.dli.2015.147651/2015.147651.IndianLibrary-Literature_-djvu.txt
- Baalachandran, S. (2012) Public Libraries In Tamil Nadu – A Study With Reference To The Socio-Economic Conditions Of The Users. ManonmaniamSundaranar University. Retrieved from http://shodhganga.inflibnet.ac.in/handle/10603/20466